ગાંધીનગર સમાચાર
તા. ૧૬-૧૧-૨૦૧૩, શનિવાર

તંત્રી સ્થાનેથી.....

નહેરૂ જન્મ્યા જ નહોતા કે શું ?

દેશના પ્રથમ વડાપ્રધાનના જન્મદિવસને 'બાલદિન' તરીકે ઉજવવાની પરંપરા રહી છે. આ વર્ષે ગુજરાતમાં 'બાલ દિન'ની કોઇ જ ઉજવણી સરકારી સ્તરે ન થઇ, તે આશ્ચર્યકારક ઉપરાંત આઘાતજનક ઘટના છે. એમાંથી આપણી પ્રજા તરીકેની બેકદરદાની અને લાચારીનો સંકેત સાંપડે છે. નહેરૂચાચાને બાળકો વધુ વહાલાં હતાં. નહેરૂ ભવિષ્યકાળમાં જીવનાર સ્વપ્નદૃષ્ટા હતા. ગુજરાત સાથે એમનો ઘનિષ્ઠ નાતો રહ્યો છે. ગાંધીજીના હૃદયમાં એમનું સ્થાન હતું. સરદાર પટેલ અને નહેરૂ બેઉ એકમેકના પૂરક હતા અને ગાંધી બાપુને મન એ બેઉ એમની ડાબીજમણી આંખો જેવા હતા. ભાજપ માટે રાષ્ટ્રની સ્વાતંત્ર્ય ચળવણ સાથે સંકળાયેલા કોઇ નેતા નહીં હોવાથી એણે સિફ્તપૂર્વક ત્રણ નેતાઓને 'હાઇજેક' કરવાનો પ્રયાસ કર્યો છે. આ ત્રણ નેતાઓ તે સરદાર પટેલ, સુભાષચંદ્ર બોઝ અને બાબા સાહેબ આંબેડકર. સરદાર પટેલ કોઇ હિંદુત્વના ઝંડાધારી નેતા નહોતા, એમણે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પર પ્રતિબંધ મૂક્યો હતો તે જગજાહેર વાત છે. પરંતુ નહેરૂ સાથેના એમનાં કેટલાક પ્રામાણિક મતભેદોનો હવાલો આપી ભાજપે એમને કોંગ્રેસના 'કોપીરાઇટ'માંથી છોડાવી દીધા છે. કોંગ્રેસે પણ આ મહાન નેતાની મૂર્ખતાભરી અવગણના કરી તેની એને એનાં કર્મોનું ફળ મળી રહ્યું છે. સુભાષબાબુ સામે ખુદ ગાંધીજીને વાંધો હતો એટલે એમણે હરિપુરા કોંગ્રેસ અધિવેશનમાં રાષ્ટ્રીય સ્તરે સૂંટાયા પછી કોંગ્રેસ છોડી દીધી હતી. આંબેડકરને તો સીદો જ હિંદુ ધર્મ સામે વાંદો હતો, પરંતુ ભાજપને દલિત વોટ અંકે કરવા છે એટલે કોંગ્રેસે આંબેડકરની અવગણના કરી હોવાનો ઢોલ પીટે છે. આ બધા કરતાં ભાજપે જે ઇતિહાસ વિરોધી વલણ અપનાવ્યું છે તે છે પંડિત નહેરૂનો સંપૂર્ણ બહિષ્કાર. પંડિત નહેરૂને વડાપ્રધાન પદે ખુદ મહાત્મા ગાંધીએ બેસાડ્યા હતા. આ બાબત સરદાર પટેલને કે એમનાં તત્કાલીન સમર્થકોને નહીં ખૂંચી હોય એટલી નરેન્દ્ર મોદીને ખૂંચે છે. નરેન્દ્ર મોદીનું ચાલે તો તેઓ ભારતનો ઇતિહાસ જ ધરમૂળથી બદલી નાખે. એમને મન નહેરૂ અને એમનાં વંશજોને દેશને લૂંટવા સિવાય કશું કામ જ નથી કર્યું! હકીકતમાં દેશ આઝાદ થયો ત્યારે સાવ કંગાળ હાલતમાં હતો, એને આધુનિકતાનો સંસ્પર્શ કરાવનાર પ્રથમ વડાપ્રધાન પંડિત નહેરૂ દેશના જ નહીં દુનિયાના અગ્રગણ્ય નેતા તરીકે વખણાયા હતા. એમને વિકાસકૂચને લીલી ઝંડી આપી, ભાખરાનાંગલ બંધ જેવી સિંચાઇ યોજનાઓ શરૂ કરાવી. નવા ગામ મુકામે નર્મદા પર સરદાર સરોવર ડેમનું શિલારોપણ પણ નહેરૂનાં જ હસ્તે થયું હતું. એમણે વિકાસયોજનાઓને જ મંદિર કહી રાષ્ટ્રને એક મજબૂત પીઠિકા પર મૂકી આપ્યું. નહેરૂને વિશ્વશાંતિના અગ્રદૂત તરીકે પોંખવામાં આવ્યા છે. એમના મૃત્યુ પછી એમને ઇંદિરા ગાંધીને ગાદીએ નહોતા બેસાડ્યા. નહેરૂના અવસાન સુધી તેઓ દેશના સર્વમાન્ય નેતા રહ્યા, વડાપ્રધાનપદે ટકી રહ્યા. હવે એ જ નહેરૂ તરફના અહોભાવથી પ્રેરાઇ હિંદુસ્તાનની પ્રજાએ ચૂંટેલા કોંગ્રેસના સાંસદોએ શાસ્ત્રીના અવસાન પછી ઇંદિરા ગાંધીને વડાપ્રધાન બનાવ્યાં હોય તો એ એમનો લોકતાંત્રિક અધિકાર હતો. ઇંદિરા ગાંધીએ પાકિસ્તાનનાં બે ફાળિયાં કરી નાખ્યાં તે આજ સુધી બીજો કોઇ વડાપ્રધાન કરી શકેલ નથી. ખુદ અટલબિહારી વાજપેયીએ એમને 'દુર્ગા' કહી સંબોધ્યાં હતાં તે ભૂલવું ન જોઇએ. રાજીવ ગાંધી સંચાર ક્રાંતિના અગ્રદૂત રહ્યાં અને સોનિયા ગાંધીએ પદ જતું કરીને અર્થશાસ્ત્રી મનમોહનસિંહને વડાપ્રધાન બનાવી દેશને વિશ્વની મહાસત્તાઓની હરોળમાં મુકાવી દીધો. નવો ઇતિહાસ બનાવવાની તાકાત હોય તો જરૂર બનાવો, પરંતુ જે ઇતિહાસ બનાવી ગયા છે એમને નકારવાથી કશો અર્થ સરકવાનો નથી. દેશના પ્રથમ વડાપ્રધાન જાણે જન્મ્યા જ ન હોય એટલી હદે એમની ઉપેક્ષા કરીને આપણે આપણી જ બેકદરદાનીનું પ્રદર્શન કરી રહ્યા હોઇએ એવું નથી લાગતું.

યુનીસેફ દ્વારા કેમ્બે રિસોર્ટ ગાંધીનગર ખાતે નહેરુ યુવા કેન્દ્રના સહયોગથી 'કિશોરી શસક્તિકરણ' કાર્યક્રમનું એક સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકી હત્યાના વિરોધ પર તેમજ તેના ભણતર પર વિશેષ ભાર મુકતા વક્તવ્ય આપવામાં આવ્યા હતા. તેમજ આ વિશે હાજર શ્રોતાઓ સાથે પ્રશ્નોતરી અને તે વિશે ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

હરિની દૃષ્ટિ...

સાહેબ ગઇકાલે વર્લ્ડ ડાયાબિટીસ ડે સેલીબ્રેટ કરવા અમે ચાર પાંચ પેશન્ટ ભેગા થઇને ખાલી ગુલાબ જાંબુ ખાધા હતા....!!

ડૉ. અબ્દુલ કલામ ગ્રામભારતી ખાતે ગોષ્ઠિ કરશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં આવેલ ગ્રામભારતી અમરાપુર ખાતે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ ૧૯મી નવેમ્બર મંગળવારે ઉપસ્થિત રહેનાર છે.

ભુનિયાદી શિક્ષણ અંગે વિચાર વિમર્શ થાય તે હેતુથી સ્વ. મોતીભાઈ ચૌધરી સભાભવન ખાતે એક ગોષ્ઠીનું આયોજન ગ્રામભારતી અમરાપુર અને નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે કરાયું છે. આ કાર્યક્રમમાં ખ્યાતનામ સાહિત્યકાર ડૉ. રઘુવીર ચૌધરી અને નેશનલ ઈનોવેશનના ઉપાધ્યક્ષ પ્રો. અનિલ ગુપ્તા સહિત અને અનેક નામી અનામી હસ્તીઓ ભાગ લેનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભારતના મિસાઈલ મેન તરીકે ઓળખાતા અને રાષ્ટ્રપતિ પદને એક આગવું ગૌરવ પ્રદાન કરી જનતાના હૃદયમાં અનોખુ સ્થાન મેળવનાર ડૉ. અબ્દુલ કલામ પ્રથમવાર ગાંધીનગર જિલ્લાના અંતરિયાળ વિસ્તારની મુલાકાત લેનાર છે. આથી આસપાસના વિસ્તારમાં આ કાર્યક્રમ માટે ઉત્સુકતા ફેલાયેલ છે. તેમના આ પ્રવાસને ધ્યાનમાં લઈને વહીવટી તંત્ર દ્વારા પણ તડામાર તૈયારીઓ કરામાં આવી રહી છે.

પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયમાં બાલદિનની શાનદાર ઉજવણી

ગાંધીનગર, તા.૧૫

શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયમાં બાલદિનની ઉજવણી કરવામાં આવી હતી. પ્રાર્થનાથી બાલદિનના કાર્યક્રમનો શુભારંભ કરાયો હતો.

આચાર્ય યુવરાજસિંહ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાળકોનું મો મીઠું કરાવાયું હતું અને વિવિધ પ્રકારની રમતો રમાડી હતી. આચાર્યશ્રી યુવરાજસિંહ વાઘેલાએ શ્રી નહેરૂના જીવનના પ્રેરક પ્રસંગો જણાવ્યા હતા. વેકેશનમાં વાલીઓ તથા વિદ્યાર્થીઓને હાજર રહેવા બદલ અભિનંદન પાઠવ્યા હતાં. વિવિધ તહેવારો પર આધારિત થીમ ઉપર કાર્યક્રમની ઝાંખી કરાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષકો અને વિદ્યાર્થીઓએ કર્યું હતું.

સે. ૨૮ બ્રહ્માકુમારીઝ ખાતે શાંતિ અને ઈશ્વરીય શકિતના યોગદાનના કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર સે-૨૮ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સેવા કેન્દ્ર દ્વારા તા. ૧૭ નવેમ્બર સવારે ૯-૦૦ થી ૧૦-૩૦ કલાક દરમિયાન પ્લોટ નં. ૭૫૧, સે-૨૮ ખાતે આધ્યાત્મિક કાર્યક્રમો યોજાશે.

યુનાઈટેડ નેશન્સ દ્વારા તા.૧૭ નવેમ્બરને 'વર્લ્ડ ડે ઓફ રીમેમ્બરન્સ ફોર રોડ ટ્રાફિક વિકટીમ્સ' તરીકે જાહેર કરવામાં આવેલ છે. વિશ્વના ૧૩૭ દેશોમાં આવેલ ૯૦૦૦ સેવા કેન્દ્રો પર રોડ અકસ્માતો થકી શારીરિક, આર્થિક, પારિવારીક, માનસિક યાતનાઓ અનુભવી રહેલા આત્માઓને માનસિક શાંતિ માટે શાંતિ યોગદાન પ્રવચન, શાંતિ ધ્યાન જેવા કાર્યક્રમો યોજવામાં આવનાર છે. કાર્યક્રમમાં અકસ્માતમાં જેમનો આબાદ બચાવ થયો હોય તેમજ રોડ અકસ્માતો નિવારવા તેમજ અકસ્માત પછી લેવાના પગલાની સંક્ષિપ્તમાં જાણકારી આપવામાં આવશે. જેમાં બચાવ પામેલ સ્વજનો સહિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બ્રહ્માકુમારી કૈલાશ દીદી દ્વારા જણાવાયું છે.

રવિવારે નેશનલ ટેલેન્ટ સર્ચ પરીક્ષાને પગલે ભારે ઉત્સુકતા

અમદાવાદ, તા.૧૫

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઉચ્ચ અભ્યાસ માટે સ્કોલરશીપ આપવા માટે એનટીએસની પરીક્ષા લેવામાં આવે છે. જેની આગામી રવિવારે લેવામાં આવશે. આ સ્પર્ધાત્મક પરીક્ષા અને પ્રાથમિક ધોરણના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ માટે આપવી પડતી એનએમએમએસની પરીક્ષા આપવા માટે વિદ્યાર્થીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. રવિવારે લેવાનારી એનટીએસની પરીક્ષા રાજ્યભરમાંથી અંદાજે ૩૦,૦૦૦ વિદ્યાર્થીઓ અને એનએમએમએસની પરીક્ષા માટે ૫૦૦ વિદ્યાર્થીઓ નોંધાયા છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોરણ-૧૦ પછી માસ્ટર ડિગ્રી સુધીના ઉચ્ચ અભ્યાસ માટે સ્કોલરશીપ મેળવવા આપવી પડતી નેશનલ ટેલેન્ટ સર્ચ સ્પર્ધાત્મક પરીક્ષા રવિવારે લેવાનાર છે. રાજ્યભરમાંથી આ પરીક્ષામાં અંદાજે ૩૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ બેસવાના છે જ્યારે ધોણ-૮ પછી ગ્રેજ્યુએશન સુધીના અભ્યાસ માટે સ્કોલરશીપ મેળવવા આપવી પડતી નેશનલ મિન્સ કમ ટેલેન્ટ સર્ચ પરીક્ષામાં રાજ્યમાંથી અંદાજે ૫૦૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેનાર છે. સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ પ્રાથમિક શાળાઓના આચાર્યો અને વહીવટી કર્મચારીઓએ એનએમએમએસ પરીક્ષાની માહિતી જ વાલીઓ સુધી યોગ્ય રીતે પહોંચાડી ન હતી. જેના કારણે પરીક્ષા આપવા માટે ખુબ જુજ સંખ્યામાં વિદ્યાર્થીઓ નોંધાયા છે. એનએમએમએસ પરીક્ષામાં સફળ થનાર વિદ્યાર્થીઓને પ્રતિમાસ રૂપિયા ૫૦૦ની સ્કોલરશીપ આપવામાં આવે છે. રાજ્યના પરીક્ષા વિભાગ દ્વારા જણાવ્યા મુજબ આ બંને પરીક્ષાઓ ૧૭મી નવેમ્બર અને રવિવારના રોજ સવારે ૧૧ થી ૨ વાગ્યા દરમિયાન લેવામાં આવશે. આ પરીક્ષા માટેની હોલ ટીકીટોનું વિતરણ જિલ્લા શિક્ષણાધિકારીઓની કચેરીથી આજે કરવામાં આવ્યું હતું.

૨૨મીથી પ્રારંભ થતુ બીજુ શૈક્ષણિક સત્ર ૧૩૦ દિનનું

૨૦૧૪માં એપ્રિલ માસના અંતમાં વાર્ષિક પરીક્ષા યોજાશે

અમદાવાદ, તા.૧૫

રાજ્યમાં આગામી ૨૧ નવેમ્બરથી બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. શિક્ષણ બોર્ડના વાર્ષિક કેલેન્ડર મુજબ બીજુ શૈક્ષણિક સત્ર ૧૩૦ દિવસનું રહેશે. એપ્રિલ મહિનાનાં અંતમાં વાર્ષિક પરીક્ષાઓ યોજાશે અને પાંચ મે થી ઉનાળુ વેકેશન પડશે જે ૮ જુન સુધી ચાલશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪નું શૈક્ષણિક કેલેન્ડર જાહેર કરવામાં આવેલ છે. જે અંતર્ગત ચાલુ શૈક્ષણિક વર્ષમાં રાજ્યની તમામ માધ્યમિક એન ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને ૩૬૫ દિવસ પૈકી ૨૪૬ દિવસ અભ્યાસ કરવાનો હતો. જેમાં પ્રથમ સત્ર ૧૦ જુનથી પ્રારંભ થયું હતું. આ પ્રથમ શૈક્ષણિક સત્રમાં અભ્યાસના ૧૧૬ દિવસ નિયત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તારીખ ૧ નવેમ્બરથી ૨૧ નવેમ્બર દરમિયાન ૨૧ દિવસનું દિવાળી વેકેશન આપવામાં આવ્યું હતું. હવે આગામી ૨૨મી નવેમ્બરથી બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. જે ૧૬૦ દિવસ સુધી ચાલશે. એપ્રિલનાં અંતમાં વાર્ષિક પરીક્ષાઓ યોજવામાં આવશે. પરીક્ષા બાદ પાંચમી મે ૨૦૧૪થી ઉનાળુ વેકેશનનો પ્રારંભ થશે. જે ૩૫ દિવસનું રહેશે અને ૮ જુન ૨૦૧૪થી નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થશે.

દ્વિતીય શૈક્ષણિક સત્રમાં દરમિયાન ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ યોજવામાં આવશે જેના કારણે અભ્યાસના દિવસો ઘટી જશે. પરીણામે બીજા શૈક્ષણિક સત્રમાં વિદ્યાર્થીઓએ ગંભીરતાપૂર્વક અભ્યાસ કરવો પડશે. આ ઉપરાંત વાર્ષિક પરીક્ષાની તૈયારીઓને લઈને પણ દ્વિતીય સત્ર મહત્વનું બની રહેશે. શિક્ષણ બોર્ડ દ્વારા પણ જાન્યુઆરી મહીના સુધી દરેક શાળાઓમાં અભ્યાસક્રમ પૂર્ણ થઈ જાય અને જાન્યુઆરી મહીનાના અંત ભાગથી અભ્યાસક્રમનું રિવિઝન થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

અંડર-૧૯ જમ્પ રોપ રમતની નેશનલ સ્પર્ધા કર્ણાટક-હોસ્પેટ ખાતે યોજાઈ હતી. જેમાં ગુજરાતની ટીમે સિલ્વર મેડલ મેળવી ગુજરાત માટે મોરપીંછ ઉમેર્યું હતું. સ્પર્ધામાં ભાગ લીધેલ ખેલાડીઓ રજત ચૌહાણ, ગુંજ જોષી, અભિલાષ તપોધન, રોનાલ્ડ પરમાર તેમજ ગુજરાત જમ્પ રોલના પ્રમુખ અને મંત્રી ધર્મેશ પરમાર, દિવ્યેશ ગોહિલ નજરે પડે છે.

...ગ્રામજનોનું કહેવું છે કે લખુડીનો આત્મા આ ઘરમાં ભટકે છે, તમને કોઇ દિવસ કે રાત્રે તેનો અવાજ કે આવતી હોય તેવું લાગ્યું છે ખરૂં ?

અમાસની રાત્રે

- નિરંજન ઓઝા

ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના માલકા ગામમાં આજે આદર્શ શાખાનો વાર્ષિક મહોત્સવ છે, માન.મંત્રીશ્રી પધાર્યા છે તેથી મોટી સંખ્યામાં ગ્રામજનો ઉમટ્યા છે. કાર્યક્રમની શરૂઆત આદર્શ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રાર્થનાથી થઇ. ત્યાર બાદ, આચાર્યશ્રીએ આવેલ માન.મંત્રીશ્રી તેમજ ગામનાં પ્રતિષ્ઠિત વ્યક્તિઓનું શાબ્દિક સ્વાગત કર્યું હતુ અને તેઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું. ઉત્સવની આગળ કાર્યવાહીમાં આચાર્યશ્રીએ તેમના ઉદબોધનમાં જણાવ્યું કે શાળા આજથી આઠ વર્ષ પહેલાં શરૂ કરવામાં આવી ત્યારે ફક્ત ત્રણ ઓરડા અને ત્રણ શિક્ષકો હતા, આજે છ ઓરડાં તેમજ પાંચ શિક્ષકો નિષ્ઠાપૂર્વક સેવા આપી રહ્યાં છે. જેને લીધે શાળાનું પરિણામ પણ સારૂં આવે છે. હાલ શાળામાં ધોરણ ૧ થી ૮ સુધી એટલે કે પ્રાયમરી કક્ષા સુધી અભ્યાસની વ્યવસ્થા છે. શાળાને પોતાનો બગીચો છે અને વિશાળ પટાંગણ પણ છે જેની સાફસુફી શાળાના વિદ્યાર્થીઓ દ્વારા જ થાય છે. શનિવારે શાળાનો સમય સવારનો રાખવામાં આવ્યો છે અને ત્યારે ધોરણના પહેલાં બે પિરીયડ, કસરતના રાખવામાં આવ્યા છે અને પટાગણમાં જ કસરતના વર્ગ લેવામાં આવે છે, ત્યારબાદ રમતો જેવી કે હુ તુતુતુ, ખોખો, લંગડી વિગેરેની હરિફાઇ યોજવામાં આવે છે, ગામમાં ત્રણ કુવાઓ છે અને નાનુ એક તળાવ છે જેથી પાણીની ગામને મુશ્કેલી નથી, દરેક ઘરે શૌચાલય છે તેથી સફાઇ તેમજ ગંદકીનો પ્રશ્ન ગામને નથી. ગામનો મુખ્ય વ્યવસાય ખેતી તથા પશુપાલન છે. આમ બધી રીતે ગામમાં સુવિધા છે પરંતુ ચોમાસામાં વૃદ્ધો તેમજ પ્રસુતિ માટે બહેનોને તાલુકા કક્ષાની હોસ્પિટલે લઇ જવામાં ઘણી જ મુશ્કેલી પડે છે કારણ કે ગામને પાકો રસ્તો નથી, વરસાદને લીધે રસ્તામાં ખાડા પડી જવાથી ગ્રામજનોને મુશ્કેલી પડે છે તેથી દરેક રીતે સુવિધાયુક્ત ગામ છે પરંતુ પાકો રસ્તો થઇ જાય તેવી ગ્રામજનોની વિનંતી છે. આમ તેમના વ્યતવ્યમાં રજૂઆત કરી આચાર્યશ્રીએ તેમનું પ્રવચન પુરૂં કર્યું, તેના પ્રત્યુત્તરમાં ગામની પ્રગતિ જાણી, માન.મંત્રીશ્રીએ તેમના આર્શી પ્રવચનમાં અભિનંદન આપ્યા અને સાથે સાથે હૈયાધારણ આપી કે તેમની કક્ષાએ, ગામને પાકો રસ્તાની સુવિધા સત્વરે પ્રાપ્ત થાય તેવી ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરશે. આમ આભાર વ્યક્ત કરી માન. મંત્રીશ્રીએ તેમનું પ્રવચન પુરૂં કર્યું. ત્યારબાદ ગ્રામજનો અલ્પાહાર કરી છૂટા પડ્યા અને મહોત્સવ સંપન્ન થયો.

સમય પસાર થતો ગયો અને એક દિવસ ગામને જાણ થઇ કે ગામનો આશરે ૨૦ કિ.મી. જેટલો રસ્તો પાકો કરવાનો પ્રશ્ને, સરકારશ્રીએ સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો છે. રસ્તાના નકશા તથા અંદાજપત્રોને મંજૂરી મળતાં, રસ્તાના કામની કામગીરી શરૂ કરવામાં આવશે. રસ્તાને પાકો કરવા માટે જોઇતી, સાધન સામગ્રી હવે ગામમાં આવવા લાગી છે અને જ્યાં સુધી પાકા રસ્તાની કામગીરી પુરી થાય નહિ, ત્યાં સુધી એક યુવાન ૨૮ વર્ષના સરકારી ઇજનેર જયંતિ ભટ્ટીની નિમણૂક કરવામાં આવી. ઇજનેર એવા સરકારી બાબુની રહેવા, જમવા તથા અન્ય બાબતોની જવાબદારી ગામના સરપંચશ્રીએ સ્વીકારી લીધી. તદાનુદાર છેલ્લા ચાર વર્ષથી બંધ એવા સ્વ. શિવુભા દરબારનાં ઘર તેના ઉપયોગ માટે લેવામાં આવ્યું અને તેની જવાબદારી સરપંચશ્રીના ખેતરનું રખેવાળ કરતાં ઓઘાજીના દીકરી રૂપલીને સોંપવામાં આવી. તેણે ઘરની સફાઇ તેમજ ઘરની બધી જ કામગીરી સોંપવામાં આવી. રૂપલી હાલમાં પિતાને ખેતરનાં કામ તેમજ ગામમાં કેટલાક ઘરે કામ કરી મદદરૂપ થાય છે. બધી રીતે રૂપલી યોગ્ય હોવા છતાં, ગામમાં હજુ તેનું ઠેકાણું પડ્યું નથી.

સરકારી બાબુ બપોર પછી ભાવનગરથી આવવાના હોવાથી, સવારે ઘરની સાફ-સુફી કરી, કુવેથીથી પાણી, માટલું ભર્યું વિગેરે કામ કર્યા, પછી સરકારી બાબુની રાહ જોવામાં ગ્રામજનો પડી ગયા. બપોર પછી, સરકારી-બાબુ આવ્યા, તેમના રહેઠાણ તથા ચાહ-પાણી, જમવા વિગેરેની માહિતી આપી દેવામાં આવી અને સરકારી બાબુએ બીજે દિવસથી કામની શરૂઆત કરી દીધી.

રૂપલી તેને સોંપવામાંઆવેલ જવાબદારી પ્રમાણે સવારે આવી, ઘરની સફાઇ કરવી, કુવેથી પાણી લાવી માટલું ભરવું, તથા સાંજના સરપંચશ્રીને ત્યાંથી જમવાનું લાવવું વિગેરેકામ નિયમિત કરે છે. એક બે દિવસ તો સરકારી બાબુ સાથે વાતચીત કરતી નથી પરંતુ એક દિવસ તેના કામ માટે સરકારી બાબુને પૂછે છે ત્યારે બહુ જ ટૂંકા ઉત્તરમાં જવાબ આપી, વિશેષ પ્રશ્નો ટાળે છે.

ફરીથી પાંચ-છ દિવસ પછી સવારે ચાહ-નાસ્તો લઇને રૂપલી આવે છે ત્યારે સરકારી બાબુને પુછે છે કે સાહેબ, તમને ભૂતપ્રેમમાં વિશ્વાસ ખરો? સરકારી બાબુ પહેલાં તો 'ના'માં પ્રત્યુત્તર આપે છે પરંતુ આગલ પ્રશ્ન કરે છે કે કેમ પુછવું પડ્યું, ત્યારે રૂપલી આગળ વાત કરતાં કહે છે કે આ ઘરમાં ચારેક વર્ષ પહેલાં શિવુભા કરીને એક આધેડ વયના દરબાર રહેતા હતા. તેઓ આખો દિવસ નશામાં રહેતા હતા તેને ત્યાં મારાં માશીની દીકરી લખુડી કામ કરતી હતી. એક દિવસ બાપુની નજર બગડી અને લખુડી પાછળ પડ્યા, લખુડી આગળ અને બાછળ બાપુ, એમ કરતાં લખુડી અગાશી ઉપર દોડી ગઇ. બાપુ પાછળ આવ્યા. લખુડી મારે બાપુથી બચવા કોઇ ઉપાય રહ્યો નહિ તેથી અગાશી ઉપરથી નીચે પડતુ મૂક્યું જેથી નીચે પડી કે તેનું પ્રાણપંખેરૂ ઉડી ગયું. ગ્રામજનોનું કહેવું છે કે લખુડીનો આત્મા આ ઘરમાં ભટકે છે. તમને કોઇ દિવસ કે રાત્રે તેનો અવાજ કે આવતી હોય તેવું લાગ્યું છે ખરૂં ? આ સાંભળી સરકારી બાબુ ફક્ત 'ના' માં પ્રત્યુત્તર આપી, વાત ટાળે છે. થોડા સમય પછી આખો દિવસ રસ્તાનું કામ સંભાળી, સરકારી બાબુ, સાંજનાં મોડેથી ઘરે આવે છે, પછી જમીને આખા દિવસની નોંધ કરતાં, રાત્રનાં લગભગ ૧ થી ૧.૩૦ થાય છે તેથી થાકીને લાઇટ બંધ કરી, સુવાની તૈયારી કરે છે ત્યાં ઘરનાં જૂના બારણા કડડડ - કડડડ કરતાં ખુલે છે અને સફેદ વસ્ત્રમાં એક ઓળો ઘરમાં ધરી ધીરે પ્રવેશ કરે છે પછી અતૃપ્ત આત્મા થોડા સમય પછી જેવી રીતે આવ્યો હોય છે તેવી રીતે જતો રહે છે. આવું લગભગ પદરેક દિવસ સુધી ચાલે છે. રોજ સવારે કામ કરવા આવતી રૂપલી, સરકારી બાબુને પુછે છે અને સરકારી બાબુ 'ના'માં જવાબ આપે છે.

આમ થોડા દિવસ પછી રૂપલી કામે આવતી નથી તેથી સરકારી બાબુ તપાસ કરાવે છે કે રૂપલી કામે કેમ નથી આવતી? ત્યારે રૂપલી ગ્રામજનોને મોઢું દેખાડી શકે તેમ ન હોવાથી, 'અમાસની રાત્ર' રૂપલીએ આપઘાત કર્યાની જાણ સરકારી બાબુને થાય છે.